સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને
પ્રમાણપત્રો આપવા બાબત...

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:-સશપ/૧૦૮૫/૨૩૭/અ,
તા. ૧-૪-૧૯૮૬.

પરિપત્ર :-

આ વિભાગના તા. ૨૬-૬-૭૮ના ઠરાવ ક્રમાંક:-બકર/૧૪૭૮/મ.૩૨૯૭/છ. અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને અપાતા જાતિ પ્રમાણપત્ર સમયે જાતિ નકકી કરવા અંગે ઉભી થતી મુશ્કેલીને દૂર કરવા માટે સોગંદનામાની જોગવાઈ સૂચવવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વ્યકિતના માતા-પિતા મૂળ ગુજરાતના જ વતની હોય માતાને કોઈ સામાજિક કારણસર કે પ્રસૂતિ માટે ગુજરાત બહાર જવાનું થયું હોય અને બાળકનો જન્મ તે બહારનાં સ્થળે થયો હોય તો તેવા મુળ ગુજરાતનાં પણ આ દર્શાવેલ કારણસર ગુજરાત બહાર જન્મને કારણે સામાજિક અને શૈક્ષણિકરીતે પછાતનું પ્રમાણપત્ર અંગે મુશ્કેલી ઉભી થયાનું સરકારના ધ્યાન પર આવ્યું છે.

૨. જે વ્યકિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેની યોજનાઓનો લાભ લેવા ઈચ્છતી હોય તેણે સામાજિક અને શૈક્ષણિકરીતે પછાતનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. આ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે વ્યકિત મૂળ ગુજરાતની વતની હોય તે જરુરી છે. પરંતુ કયારેક એવું બને છે કે વ્યકિતના માતા-પિતા ગુજરાતના વતની હોય, પરંતુ સામાજીક કારણસર કે બાળકની માતાને પ્રસુતિના કારણસર ગુજરાત બહાર ટુંકાગાળા માટે જવાનું થયું હોય અને બાળકનો જન્મ તે બહારનાં સ્થળે થયો હોય તો માતા-પિતા ગુજરાતનાં જ હોય અને ગુજરાતમાં જ રહેતા હોય અને બાળક પણ માતાપિતા સાથે ગુજરાતમાં જ રહેતો હોય, જન્મ ગુજરાત બહાર થયો હોવા છતાં તેવી વ્યકિતને જન્મ ગુજરાત બહાર થયો હોય તો તેને સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત તરીકેનું પ્રમાણપત્ર મળવાપાત્ર ઠરી શકે છે. ફકત જન્મના સ્થળ પર જ આધાર નહીં રાખતા ઉપર દર્શાવેલ અન્ય સંજોગોને પણ ધ્યાનમાં લેવાના રહે છે. આ સંજોગોમાં માત્ર જન્મસ્થળ બહારનું હોય તો ફકત તે જ કારણસર તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતના પ્રમાણપત્રથી વંચિત રાખી શકાય નહીં.

...૨....

૩. વ્યક્તિનો જન્મ ઉપર જણાવેલ સંજોગોમાં ગુજરાત બહાર થયો હોય, પરંતુ પછીનો વસવાટ પોતાના માતા-પિતા સાથે ગુજરાતમાં જ હોય તો તે ગુજરાતના મુળ વતની તરીકે ગણાય છે. ટૂંકમાં ફક્ત જન્મના હેતુ માટે કામચલાઉ ધોરણે ગુજરાત બહાર જવાથી વ્યક્તિનું મૂળ વતન બદલાઈ જતું નથી. જન્મ બાદનું શિક્ષણ, વ્યવસાય અને વસવાટ ગુજરાતમાં જ હોય અને માતા-પિતા મૂળ ગુજરાતના વતની હોય તો વ્યક્તિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવી શકે છે.

૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો આપતી વખતે ઉપરોક્ત સૂચનાઓને ધ્યાનમાં રાખી પ્રમાણપત્ર આપવામાં આવે તેમજ તેનો અમલ કરવામાં આવે તેવી સર્વ સક્ષમ અધિકારીઓને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
( ન. કૃષ્ણસ્વામી )
નાયબ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે કલેક્ટરો, સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે મામલતદારશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (વિકસતી જાતિ)
સચિવાલયના બધાં વિભાગો.
સમાજ કલ્યાણ વિભાગની બધી શાખાઓ.
પસંદગી ફાઈલ.